**Dissertation for the Degree of Master of Social Work**

## 1. વિષય:- પરિવારમાં સ્ત્રીના સ્થાન અને દરજ્જાનો અભ્યાસ

જીનલ એન દેસાઈ (2019-2020)

માર્ગદર્શક :- રીનાબેન રાઓલ

સંશોધન પરિચય:-

સમાજકાર્યએ વિકસતી પ્રક્રિયા છે જેમાં સમાજકાર્યના અભ્યાસ દરમ્યાન વિદ્યાર્થીઓને અનેક સમસ્યાઓ વિશે જાણવા મળે છે. જેમા સમસ્યાઓના નિરાકરણ માટે તેઓ સૈદ્ધાંતિક જ્ઞાનથી પરિચિત થાય છે અને દરેક પ્રકારની તાલીમ મેળવે છે. વિદ્યાર્થી કાર્યકરની ભૂમિકાએ સમાજથી લઈને સમાજના લોકો સાથે પરિચયમાં આવીને તેની સમસ્યાઓ જાણી, સમસ્યાની ઘટનાનો અભ્યાસ કરીને સમાજમાં સેવા પૂરી પાડતી સંસ્થાઓ, યોજનાઓ, પોલિસી વગેરેનું જ્ઞાન મેળવીને તેને લગતા કોઈ એક વિષય પર સંશોધન નિબંધ તૈયાર કરવાનો રહે છે. ૧૯૫૬ માં અને તે પછી ૧૯૭૬ માં હિન્દુ કાયદામાં કેટલાક સુધારા કરવામાં આવ્યા છે.સ્ત્રીઓને હાલના શિક્ષિતયુગમાં પણ ઘણા રૂઢિચુસ્ત રીત- રીવાજોને કારણે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર સંલગ્ન સમાજકાર્ય પરંપરાગત બે વર્ષનો અભ્યાસક્રમ આવે છે. આ અભ્યાસના ભાગરૂપે એમ.એસ.ડબલ્યુ સેમેસ્ટર- ૪ ના ભાગરૂપે સંશોધન નિબંધ બનાવવાનો રહે છે. આધુનિક યુગમાં સ્ત્રીઓની સ્થિતિ બદલવા લાગી છે. હાલમાં સ્ત્રી શિક્ષણ મેળવતી થઈ છે અને તેને આધારે સ્ત્રીઓની સ્થિતમાં ઘણો બદલાવ આવ્યો છે. છતાં ક્યાંક ખૂણે-ખાચે પરિવર્તન અને શિક્ષણ હોવા છતાં સ્ત્રીઓના માન-સમ્માનને હાની પહોચી રહી છે પ્રસ્તુત સંશોધન નિબંધ - પરિવારમાં સ્ત્રીઓના સ્થાન( દરજ્જા)નો અભ્યાસ રાખવામાં આવેલ છે જેમાં ઉત્તરદાતા તરીકે સમુદાય(સમુદાય-પરિવારની કોઈપણ એક સભ્ય સ્ત્રી)ને લેવામાં આવ્યો છે.

જેમાં પ્રસ્તુત સંશોધન દ્વારા મહિલાઓનો દરજ્જો તેનું પરિવારમાં સ્થાન વગેરેની અગત્યતા જાણી શકાય. પ્રસ્તુત સંશોધનમાં ઝૂમખા નિદર્શન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં ગાંધીનગરના ૧ થી ૩૦ સેક્ટરને આવરી લેવામાં આવ્યા છે જેમાં ૧.૩.૫.૭ ૧૩ સેક્ટરમાથી ૭ સ્ત્રી ઉત્તરદાતા લેવામાં આવશે જ્યારે અન્ય બીજા સેક્ટર ૨.૪.૬.૮. ઉત્તરદાતા લેવામાં આવશે. જ્યારે સંશોધન નિબંધ તૈયાર કરવામાં આવે છે ત્યારે જે તે વિસ્તારને નિર્ધારિત કરીને ઉતરદાતા નક્કી કરવામાં આવે છે તે ગાંધીનગર જિલ્લાના ૧ થી ૩૦ સેક્ટર છે જેમાં પ્રસ્તુત સંશોધનમાં ત્યાના સમુદાયમાં સપર્ક સાધીને કાર્ય કરવાનુ છે જેમાં ગાંધીનગર વ્યાપવિશ્વ છે.

## ૨. વિષય:- અનુસૂચિત જનજાતિ સમૂહની સ્ત્રીની સામાજિક અને શૈક્ષણિક સમસ્યાનો અભ્યાસ

જલ્પા સી ખરાડી (2019-2020)

માર્ગદર્શક રીનાબેન રાઓલ

સંશોધન પરિચય:-

ભારતની મોટાભાગની અનુસૂચિત જનજાતિ સમૂહની સ્ત્રીની સામાજિક અને શૈક્ષણિક સમસ્યાનો અભ્યાસ જોવા મળે છે. આમ, ભારતીય સંસ્કૃતિની અંખડિતતા એમની પરંપરાગત સંરચનામાં રહેલ છે. બ્રિટિશ અમલ દરમિયાન જ્યારે સ્વતંત્ર ભારતમાં પરિવર્તનના કેટલાય નવા પરિબળો વિકસ્યા છે. આમ, અરવલ્લી જિલ્લાના તાલુકા મેઘરજ ગામમાં અનુસૂચિત જનજાતિ સમૂહની સ્ત્રીની સામાજિક અને શૈક્ષણિક સમસ્યાનો અભ્યાસ જોવા મળે છે. આ સમાજ પણ છેલ્લા કેટલાંક વર્ષથી તેમની સામાજિક સાંસ્કૃતિક પરંપરામાં પરિવર્તન આવતું જોવા મળે છે. તેમનામાં શિક્ષણ, ઉદ્યોગીકરણ, શહેરીકરણ, કુટુંબનિયોજન, ધાર્મિક બાબતો સામાજિક - સંબંધો રાજકીય સમજણ વગેરેમાં પણ પરિવર્તન આવતું જોવા મળે છે. તેમની સામાજિક સાંસ્કૃતિક પરંપરામાં આવેલ પરિવર્તન અમુક અંશે આયોજિત અને હેતુપૂર્વક જોવા મળે છે. આમ, અનુસૂચિત જનજાતિમાં સમૂહની સ્ત્રીઓના સામાજિક અને શૈક્ષણિક સમસ્યાનો ઊભી થાય છે. જેથી તેમ અનુસૂચિત જનજાતિ સમાજના મેઘરજ તાલુકો સામાજિક અને શૈક્ષણિક સમસ્યાઓ જોવા મળે છે. અરવલ્લી જિલ્લાના મેઘરજ ગામમાં અનુસૂચિત જનજાતિની સમૂહની સ્ત્રીની સામાજિક અને શૈક્ષણિક સમસ્યાઓના વધારે જોવા મળે છે. આ સમાજના પણ છેલ્લા કેટલાંક વર્ષથી તેમની સામાજિક સાંસ્કૃતિક પરંપરામાં પરિવર્તન આવતું જોવા મળે છે.તેમનામાં શિક્ષણ, ઉદ્યોગીકરણ, શહેરીકરણ, કુટુંબનિયોજન, ધાર્મિક બાબતો સામાજિક સંબંધો રાજકીય સમજણ વગેરેમાં પણ પરિવર્તન આવતું જોવા મળે છે. તેમની સામાજિક સાંસ્કૃતિક પરંપરામાં આવેલ પરિવર્તન અમુક અંશે આયોજિતને હેતુપૂર્વક જોવા મળે છે. રામ અને કૃષ્ણના યુગથી આજના આધુનિક યુગ સુધીના સમયમાં આદિવાસી સમાજને ધ્યાનમાં રાખી વાસ્તવિકતા અને અવાસ્તવિકતાને જોડી રોમાંચની પળોમાં મારી યથાયોગ્ય શક્તિથી સારી સંસ્કૃતિ અથવા સમાજને લગતા સારા કે ખોટા રિવાજો સ્વીકારવા કે ત્યાગ કરવા બુદ્ધિજીવીઓને અપીલના રૂપમાં પ્રસ્તાવ રજૂ કર્યા છે. બધા પ્રસ્તાવ એકદમ સીધેસીધા રૂપમાં નથી. કેટલાક આડકતરી રીતે કર્યા છે. આપણા સમાજે યુગોથી અન્યાય સહન કર્યા છે. છતાં પણ બીજા સમાજને કંઇક પ્રેરણા આપી છે. આજે પણ ભલે આપણે અન્યાય થઈ રહ્યો હોય છતાં સહનશક્તિ રાખી આવા સંજોગોમાં આપણે એક થઈ કેવો રસ્તો કાઢવો એનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો છે. આમ પ્રસ્તુત સંશોધનમાં મેઘરજ તાલુકામાં નવાઘરા ગામની સ્ત્રીઓ કુલ ૬૦૭ છે. જેમાં ગામની વસ્તી ૧૨૧૯ છે. તેમાંથી પ્રસ્તુત સંશોધકમાં મોર્ગનના ટેબલનો ઉપયોગ કરીને ૨૩૨ ઉત્તરદાતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### ૩. વિષય- અસંગઠીત ક્ષેત્રો કામ કરતા કામદારને પરિસ્થિતિનો અભ્યાસ

પ્રિયંકાબેન ઠાકોર ટી. ઠાકોર વર્ષ - ૨૦૧૯-૨૦૨૦

માર્ગદર્શક રીનાબેન રાઓલ

સંશોધન પરિચય:-

સામાજિક સંશોધનમાં અભ્યાસ હેઠળની વાસ્તવિક પરિસ્થિતિનો વૈજ્ઞાનિક પદ્ધતિથી સમજ મેળવવાનો પ્રયત્ન રહેલો છે. સંશોધન કાર્યની શરૂઆત કરતા પહેલા સંશોધન વિષયને અનુરૂપ સંશોધન યોજના

અગત્યની બની જાય છે. ભારત જેવા અલ્પ વિકસિત દેશમાં આર્થિક વિકાસનું મુખ્ય પરિબળ માનવશ્રમ છે. આ માનવશ્રમ વડે અર્થકારણનાં જુદા જુદા ક્ષેત્રોનો વિકાસ થાય છે. અને તે રીતે અલ્પવિકસિત અર્થકારણનું વિકસિત અર્થકારણમાં રૂપાંતર થાય છે. જેમ જેમ આર્થિક વિકાસની પ્રક્રિયાના પેરકબળ સમાન કામદારોનું આર્થિક અને સામાજિક પરિસ્થિતિમાં સુધારો થવો જોઈએ તે રીતે આર્થિક અને સામાજિક વિકાસનાં લાભો અસંગઠિત ક્ષેત્રનાં કામદારોને પણ મળવા જોઈએ. સંશોધન ક્ષેત્રમાં સંશોધનનું પ્રથમ પગથિયું યોગ્ય વિષયની કાળજીપૂર્વકની પસંદગીનું છે. વૈજ્ઞાનિક સંશોધનની પ્રાથમિક જરૂરિયાતરૂપે યોગ્ય વિષય કે સમસ્યાની પસંદગી અનિવાર્ય છે. તેના અનુસંધાને સંશોધનનો વિષય બની શકે. પ્રવર્તમાન યુગમાં કોઈપણ દેશ કે રાજ્યોનો વિકાસ તે દેશ કે રાજ્યના ઔધોગિક વિકાસ, જનસંખ્યા, ખેતવિષયક,ઉત્પાદન, ઔધોગિક અને ભૌગોલિક સ્થિતિ વગેરે પર આધાર રાખે છે. દરેક ઉત્પાદન ક્ષેત્રમાં કામદારની ભાગીદારી મહત્વની છે. કામદારો ફકત ઉધોગોના વિકાસમાં જ ફાળો નથી આપતા પરંતુ સમાજનું પણ એક મહત્વનું અંગ છે. સંશોધનકર્તાએ અભ્યાસનું કાર્ય સમય અને શકિતની મર્યાદાઓમાં રહીને અભ્યાસ કરવાનો હોય છે તેથી પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે મહેસાણા જિલ્લાના વિસનગર શહેરના અસંગઠિત ક્ષેત્રે કામ કરતા કામદારોનું પ્રમાણ વધુ હોવાથી સંશોધકે તેનું વ્યાપ વિશ્વ વિસનગર શહેર રાખવામાં આવ્યું છે. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે અસંગઠિત ક્ષેત્રે કામ કરતા કામદારોની આર્થિક, સામાજિક, શૈક્ષણિક, વ્યવસાયિક, આરોગ્યલક્ષી કેવી મુશ્કેલીયો પડે છે. તે અંતર્ગત સંશોધકે સંશોધન માટે વિસનગર શહેરની પસંદગી કરેલ છે. જેમાં સંશોધક કર્તાએ બિનયદસ્ય પધ્ધતિમાંથી આકસ્મિક બિનયદસ્ય નિદર્શન પધ્ધતિનો ઉપયોગ કરેલ છે.

**૪. વિષય:- મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેધરી યોજનાની ગ્રામીણ સમુદાય પર અસરનો અભ્યાસ.**

નામ રોશની જે ગોસ્વામી 2019-2020 .

માર્ગદર્શક રીના રાઓલ

સંશોધન પરિચય:-

સામાજીક સમસ્યાઓ સાથે સમાજકાર્ય અધ્યયનની વિભાવના સંકળાયેલી છે. છેલ્લા ત્રણ-ચાર દાયકામાં સામાજીક સમસ્યાઓનું પ્રમાણ સતત વધતું રહ્યું છે. આ સમસ્યામાં બેરોજગારીની સમસ્યા પ્રમુખ ગણવામાં આવે છે. આ સમસ્યાઓ દૂરકરવા સરકાર દ્વારા "મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર બાહેંધરી યોજના" લાગુ પાડવામાં આવી છે. કેન્દ્ર સરકારે સપ્ટેમ્બર માં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેંધરી અધિનિયમ પસાર કર્યો અને ફેબ્રુઆરી ૨૦૦૬ થી અમલ માં મૂક્યો છે. કાયદાનો ઉદેશ્ય ગ્રામીણ વિસ્તારોમાં સતત લોકોની તકો વધી શકે તે માટે રોજગારી પૂરી પાડવાનો છે. કાયદાના અમલ માટે ગુજરાત રાજ્યના ૬ જિલ્લાઓમાં ગુજરાત ગ્રામીણ રોજગાર યોજના બાહેંધરી યોજના શરૂ કરવામાં આવી છે અને ધીરે ધીરે પાંચ વર્ષમાં આ યોજના હેઠળ બધા જીલ્લાઓ આવરી લેવામાં આવ્યા ગ્રામીણ લોકો સ્વનિર્ભર અને સક્ષમ બનેતે માટેની વિવિધ ગ્રામ્ય વિકાસની યોજનાઓ હાલ માં કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા અમલમાં

મૂકવામાં આવી છે. પરંતુ હવે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર અધિનિયમ ૨૦૦૫ કાયદા અન્વયે ગ્રામીણ વિસ્તાર માં પ્રત્યેક કુટુંબના પુખ્તવયના સભ્યો જે બિન કુશળ શ્રમ કરવા ઇચ્છુક હોય તેવા કુટુંબને નાણાકીય વર્ષમાં ઓછા માં ઓછા ૧૦૦ દિવસની રોજગારની બાહેંધરી આપવામાં આવેલ છે.

પ્રસ્તુત સંશોધન માં સંશોધકે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેંધરી યોજનાની ગ્રામીણ સમુદાય પર અસરનો અભ્યાસ કરવામાં આવ્યો છે. સંશોધનનો મુખ્ય હેતુ મહાત્માગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેંધરી યોજના એટલે શું? એ જાણવાનો તેમજ ગ્રામજનોમાં તેની કેટલી જાગૃતતા છે ગ્રામજનો પર યોજનાં ની કેવી અસરો છે તે તપાસવાના હેતુથી સંશોધકે સંશોધન વિષયની પસંદગી કરેલ છે. આમ, કોઈ પણ સંસોધન માટે સંસોધકે તપાસ હાથ ધરવામાં આવે ત્યારે પહેલાથી તેના ક્ષેત્રની હદ મર્યાદા નક્કી કરવી પડતી હોય છે. આ સંસોધન દ્વારા મહાત્માગાંધી રાષ્ટ્રીય બાહેંધરી યોજનાને ગ્રામીણ લોકો પર કેવી અસરો વર્તાય છે. તેમજ એના કારણે કેટલા વ્યક્તિઓનું જીવનધોરણ ઊંચું આવ્યું એ તપાસ કરી તેના વિષેની વિસ્તૃત માહિતી પ્રાપ્ત થઈ શકશે.

સંશોધન ક્ષેત્રની કેટલીક મર્યાદાને ધ્યાનમાં રાખી સંશોધનકાર્ય કરવામાં આવે છે પ્રસ્તુત સંશોધનમાં સંશોધનકર્તાએ વિસનગર તાલુકામાં આવેલ રાલીસણા, સુંશી ગામની પસંદગી કરેલ છે. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ગ્રામીણ વિકાસ ક્ષેત્ર પસંદગી કરેલ છે જેમાં સંસ્કૃતિ કે ગ્રામીણ વિકાસમા મહાત્માગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેંધરી યોજનાની ગ્રામીણ સમુદાય પર કેવી અસરો છે તેનો અભ્યાસ કરવા હેતુ થી આ વિષયની પસંદગી કરેલ છે. જેમાં સંશોધકે વિસનગર તાલુકામાં આવેલ રાલીસણા, સુંશી ગામની પસંદગી કરેલ છે.

**૫. વિષય:- એચઆઈવી ગ્રસ્ત વ્યક્તિઓની સામાજિક સમસ્યાઓનો ઉકેલનો અભ્યાસ**

નામ ચૌહાણ હિરલ ડી 2020-2021

માર્ગદર્શક રીનાબા રાઓલ

સંશોધન પરિચય:-

વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વમાં અને તેમાં પણ ભારત દેશમાં લોકો ઘણી બધી સમસ્યાઓથી પીડાતા રહ્યા છે. જેમાં ગરીબી, બેકારી, આરોગ્યને લગતી બીમારીઓનો સમાવેશ થાય છે. સંશોધન કરવા માટે સંશોધન પ્રશ્નની પસંદગી કરવી પડે છે. અને તે સામાજિક બાબત હોવી જરૂરી છે. તેથી પ્રસ્તુત સંશોધન વિષયમાં સંશોધનકર્તાને સંશોધન પ્રશ્ન તરીકે " એચ.આઈ.વી ગ્રસ્ત વ્યક્તિઓનો સામાજિક સમસ્યાઓ અને ઉકેલોનો અભ્યાસ" પસંદ કરવામાં આવ્યો છે. વર્તમાન માં HIV ચેપથી પીડાતા લોકો પ્રત્યે સમાજના અન્ય લોકોના વિચાર-વિમર્શ, નકારાત્મક અભિગમો, ભેદભાવ ભર્યું વર્તન વગેરે જેવા પડકારોના અનુસંધાનમાં આ વિષય એક સામાજિક સમસ્યા બની રહ્યો છે. એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિઓની સમસ્યા હળવી કરવા તેમજ સમાજના દ્રષ્ટિકોણ પરિવર્તન લાવવા માટે પ્રસ્તુત અભ્યાસની માહિતી ઘણી ઉપયોગી બની છે. અભ્યાસ માટે સંશોધકોએ આ અભ્યાસ કાર્યક્ષેત્ર ગાંધીનગર શહેર રાખ્યો છે * એચ.આઈ.વી. ગ્રસ્ત વ્યક્તિઓની સામાજિક સમસ્યાઓ એક ઉકેલનો અભ્યાસ." વિષય પસંદ કરવામાં આવ્યો છે. જેમાં

ગાંધીનગર શહેરની સિવિલમાં એ.આર.ટી સેન્ટરમાં એચ.આઈ.વી. ગ્રસ્ત વ્યક્તિઓનો સામાજિક સમસ્યાઓનો ઉકેલ જાણવાનો પ્રયત્ન કર્યો છે. જેમાં યાદ્ચ્છિક રીતે નમુના પસંદગી કરવામાં આવી છે. જેમાં કુલ રાખ્યા માંથી ૫૦ વ્યક્તિઓને નમુના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. સંશોધનકર્તાનું કાર્યક્ષેત્ર ગાંધીનગર જ હોવાથી વાસ્તવિક અને સચોટ માહિતી ઊંડાણપૂર્વક મેળવી શકાઈ છે. તે હેતુથી અભ્યાસ માટે આ ક્ષેત્રને પસંદ કરવામાં આવ્યું છે.

**૬. વિષય દિવ્યાંગ બાળકોની માનસિક સામાજિક અને શૈક્ષણિક સમસ્યાનો અભ્યાસ**

અર્પિતા સી માલ 2020-2021

માર્ગદર્શક રીનાબા રાઓલ

સંશોધન પરિચય:-

દિવ્યાંગ બાળક વ્યક્તિગત રીતે પહેલા બાળક છે. શારીરિક, માનસિક અને લાગણીની જરૂરિયાતવાળા એક બાળક તરીકે તેની સાથે વર્તાવ કરવો ખાસ જરૂરી છે. ખાસ કરીને આપણા દેશમાં જ્યાં ઘણા લોકો ગરીબાઈના કારણે અપૂરતું શિક્ષણ અને નીચા જીવનધોરણથી જીવતા હોય છે. ત્યાં સ્વભાવિક છે કે આવા વિવિધ પ્રકારના વિકલાંગ બાળકોને માનસિક, સામાજિક અને શૈક્ષણિક રીતે સહાય કરી ઊંચે આવવાનું કાર્ય ઘણું કઠિન છે.જો આવા વિકલાંગ બાળકોનું વિવિધ દૃષ્ટિકોણથી સંશોધન થાય તો અનેક નવી હકીકતો જાણવા મળે. આ ઉપરાંત ભિન્ન-ભિન્ન દૃષ્ટિએ વિચારતા દિવ્યાંગ બાળકોનો અભ્યાસ ખૂબ જ ઉપયોગી બની રહે છે. જ્યારે આપણો સમાજ બાળકલ્યાણની વાત કરે છે ત્યારે તો આવા અભ્યાસો આપણને માર્ગદર્શન પૂરું પાડે છે. બાળમાનસને સમજવાનું કામ સહેલું નથી અને તેમાંય જ્યારે બાળક દિવ્યાંગ હોય ત્યારે તો તેનું માનસ જાણવું તે મુશ્કેલ કાર્ય બની જાય છે. કોઈપણ સંશોધન ધીરજપૂર્વક અને વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા આવા માનસને ઉકેલવાનો પ્રયાસ કરવો પડે છે. સમાજમાં દિવ્યાંગ સન્માન મળતું ન હતું અને તેમના શિક્ષણ માટે પણ કોઈ વ્યવસ્થા ન હતી. પરંતુ વર્તમાન સમયમાં જોઈએ તો સમાજ અને સરકાર દ્વારા દિવ્યાંગ બાળકોના સુધારણા માટેના ઘણા પ્રયત્નો થઈ રહ્યા છે. આજે વિકલાંગ બાળકો માટે સમગ્ર સમુદાય જાગૃત થયો છે. આ વર્ષ ૨૦૨૦માં વિશ્વ વિકલાંગ દિવસ માટેની થીમ "Not All Disabilities are visible" રાખવામાં આવી છે. આ વિકલાંગોની સમજ અને જાગરૂકતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. WHO અનુસાર વિશ્વની ૧૫% વસ્તી વિકલાંગતા સાથે જીવી રહી છે.

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં સંશોધનકર્તાનું વ્યાપવિશ્વ એ ગાંધીનગર શહેરની અંધશાળા, (સેક્ટર-૧૬) અને મૂક-બધિર શાળા (સેક્ટર-૨૮)માં નમૂના લેવામાં આવશે. જેમાં બંને શાળાના વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૧૦૦ છે, જે સંશોધનનું વ્યાપવિશ્વ છે અને તેમાંથી મોર્ગનના ટેબલ મુજબ ૮૦ ઉત્તરદાતા નિદર્શ તરીકે પસંદ કરેલ છે.

**૭. વિષય દિવ્યાંગ વિકલાંગ વ્યક્તિઓની સામાજિક માનસિક આર્થિક સમસ્યા નો અભ્યાસ**

ચૌહાણ મયુરી આર 2020-2021

માર્ગદર્શક રીનાબા રાઓલ

સંશોધન પરિચય:-

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધન એ સામાજિક હકીકતોને લગતું વૈજ્ઞાનિક જ્ઞાન પૂરું પે છે. મારા અભ્યાસમાં દિવ્યાંગ વ્યક્તિની સામાજિક, આર્થિક, શારીરિક સમસ્યા દ્વારા માનવી એના મનોબળથી ઘણી શક્તિ કે મર્યાદાને ઓળંગી શકે છે. સામાન્ય રીતે દિવ્યાંગ બાળકોને લાચાર કે નિરાધાર બનીને જીવન ગુજારવું પડે છે. કમનસીબ એ છે કે આવા અંધ, બધિર, અપંગ કે અશક્ત માનવીમાં પડેલી વિરાટ શક્તિ સમાજની અપેક્ષા, અપમાન અને અવગણનાને કારણે સુષુપ્ત જ પડી રહે છે. સમાજ આવા દિવ્યાંગ લોકો તરફ અને તેનામાં પડેલી અખૂટ શક્તિ તરફ જાગ્રત બને તેમજ આ દિવ્યાંગ નિરાધાર, લાચાર કે નિઃસહાય જીવન ગુજારવાને બદલે પોતાની હિંમત અને ખુમારીથી જીવન જીવે એ બાબતને પ્રાધાન્યતા આપીને મેં મારા સંશોધનમાં આ વિષયની પસંદગી કરી છે.

ક્ષતિને લીધે દિવ્યાંગનો વધારો થતો રહે છે. દર વર્ષે ત્રીજી ડિસેમ્બરે વિશ્વભરમાં 'વિશ્વ વિકલાંગ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આમ, આ એક વ્યાપક સમસ્યા હોવાથી તેના પર અભ્યાસ કરવાથી ભવિષ્યમાં તેને લગતી વ્યાપક દિશાઓ ખુલવાની સંભાવના રહેલી હોય છે. સમાજમાં દિવ્યાંગો પ્રત્યે કેવી સ્થિતિ છે અને તેના આધારેતેમનું કેવું સ્તાન છે તેના વિશે જાણવા માટે આ વિષય પસંદ કરવા અને તેને વિસ્તૃત રીતે સમજવા આ સંશોધન વિષય પસંદ કરવામાં આવેલ છે. (૧) અંધત્વ (૨) શ્રવણક્ષતિ (૩) મૂંગા (૪) અસ્થિ વિષયક પ્રસ્તુત સંશોધનમાં દિવ્યાંગતાના આ ચાર પ્રકારોનો અભ્યાસ મારા સંશોધનમાં કરવામાં આવશે. સામાજિક સંશોધનકર્તાએ પોતાના વિષયને અનુલક્ષીને અને કાર્ય પ્રણાલીને ધ્યાનમાં રાખીને ઓછા ખર્ચે સારું પરિણામ તથા વિષયને યોગ્ય ન્યાય મળી રહે તેમજ અંધજન મંડળ સંશોધનકેન્દ્રનું મુખ્ય કેન્દ્ર અમદાવાદ હોવાથી અભ્યાસનું ક્ષેત્ર અમદાવાદ રાખ્યું છે. પ્રસ્તુત સંશોધન અમદાવાદ જિલ્લાની અંધજન મંડળ સંસ્થા સંશોધન કેન્દ્રને ધ્યાનમાં રાખી કરવામાં આવ્યું છે. જેમાં અંધજન મંડળ સંસ્થામાં અભ્યાસ કરતા વ્યક્તિઓની કુલ સંખ્યા ૨૬૦ છે જે સંશોધનનું વ્યાપવિશ્વ છે. જેમાંની ૬૫ ઉત્તરદાતા ચોથા ભાગના સંશોધકે નિદર્શ તરીકે પસંદ કરેલ છે.

**૮. વિષય કિશોરીઓના આરોગ્ય અને પોષણ અંગે સમસ્યાનો અભ્યાસ**

ફાલ્ગુની ગોસ્વામી 2022-2023

માર્ગદર્શક રીનાબા રાઓલ

સંશોધન પરિચય:-

ભારત વિશ્વમાં સૌથી ઝડપી વિકસતા યુવા-વસ્તી માની એક છે કિશોરીઓએ ભાવી માતા હોવાને કારણે તેની પોષણ સ્થિતિને ધ્યાનમાં લેવી ખૂબ જરૂરી હોવાની લીધે હાલને અધ્યયનનો ઉદ્દેશ્ય કિશોર વયની છોકરીઓમાં પોષણ સ્થિતિનું મૂલ્યાંકન કરવું છે તેથી આ અભ્યાસ ગુજરાતના ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકા ના ત્રણ ગામો ની કિશોરીઓનું પોષણ સ્થિતિ તેમજ આરોગ્ય લક્ષી મૂલ્યાંકન કરવા માટે તેમની વ્યક્તિગત માહિતીમાં આહાર વિશેની જાણકારી, વજન, ઉંચાઈ કમરનો ઘેરાવો તથા 18માહિતી

દ્વારા શારીરિક પરિમાપન કરવામાં આવ્યું. તથા 12 થી 19 વર્ષની કિશોરીઓ જે ખાસ કરીને કિશોરીઓમાં પોષણની ખામી વધારે માત્રામાં જોવા મળતી હોય છે જેના કારણે તેઓ કુપોષણનો શિકાર થતી હોય છે. અભ્યાસના ભાગરૂપે નમુના વ્યક્તિત્વ માટે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ત્રણ ગામની આઠ આંગણવાડીઓના નમુના રૂપ પસંદ કરવામાં આવી છે જે ગ્રામીણ વિસ્તારની 80 કિશોરીઓ જે 12 થી 18 વર્ષની આંગણવાડીનું લાભ મેળવી રહેલ છે તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**૯. વિષય:- ગ્રામીણ સમુદાયમાં વસવાટ કરતી અનુસૂચિત જાતિઓનો સમાજ કાર્યની દ્રષ્ટિએ અભ્યાસ**

આનંદ પરમાર 2022-2023

માર્ગદર્શક રીનાબા રાઓલ

સંશોધન પરિચય:-

ભારત એ ગામડાનો બનેલો દેશ છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં ૬૯ ટકા લોકો ગામડાઓમાં વસવાટ કરે છે. જેમાં, નાના મોટા મળીને ૬,૩૮,000 ગામડા છે. ગુજરાતમાં તે પ્રમાણ ૧૮,૬૨૨ છે. આજે રાજ્યની કુલ વસ્તી ૫૭.૪૨ ટકા લોકો ગામડાઓમાં વસે છે. ૧૯૫૧ની વસ્તી ગણતરીમાં ગામડાને સામાજિક વસવાટના એકમ તરીકે નહીં ગણતા વહીવટી એકમ ગણવામાં આવ્યું છે. તેમજ વસ્તીના પ્રમાણને આધારે ગામડાનો ખ્યાલ આપવામાં આવ્યો છે. આમ જે વિસ્તારમાં વસવાટ કરતી વસ્તીનું કદ અને ઘનતા ઓછી હોય, અને મોટા ભાગની વસ્તી કૃષિ વિષયક વ્યવસાય સાથે સંકળાયેલી હોય. તેવા વિસ્તારને ગ્રામીણ વિસ્તાર કે ગામડું કહી શકાય. વસ્તીનું કદ ઓછી ઘનતા અને વ્યવસાય એ ગ્રામીણ સમાજની મુખ્ય વિશેષતાઓ છે. ગામડું એ શહેરથી ભિન્ન સ્વરૂપનો સમુદાય છે. પરંતુ ગ્રામીણ-શહેરી સાતત્યની ઘટના જોવા મળે છે. ગામડુંએ લઘુ સમુદાય છે. ભારતના ગામડા વૈવિધ્યપૂર્ણ છે. લઘુ સમુદાયને બહુમુખી સમાજ તરીકે તે શહેરી સમુદાયથી વિશિષ્ટ રીતે જુદો તરી આવે છે. ખાસ કરીને કદ, જીવનશૈલી, વ્યવસાય, સામાજિક નિયંત્રણના ક્રિયાતંત્રો, કુટુંબ જીવન પ્રત્યેનો દ્રષ્ટિકોણ વગેરે બાબતમાં શહેરથી ભિન્ન છે. ભારતના પરંપરાગત ગ્રામ સમુદાયોના લક્ષણોમાં બ્રિટીશ શાસન દરમ્યાન પરિવર્તનના મંડાણ થયા અને સ્વતંત્ર પ્રાપ્તિ બાદ ભારતના ગ્રામસમુદાયોમાં ભૂમિસુધારા તથા વિકાસ કાર્યક્રમો અને યોજનાઓને લીધે પરિવર્તન સર્વાંગી અને ઝડપી બન્યા છે.

**૧૦. વિષય અભયમ 181 મહિલા હેલ્પલાઇન યોજના બાબતે લોકજાગૃતિ એક અભ્યાસ**

સેજલબેન પ્રજાપતિ 2022-2023

માર્ગદર્શક રીનાબા રાઓલ

સંશોધન પરિચય:-

ગુજરાતમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અભયમ ૧૮૧ હેલ્પલાઇન યોજના ચલાવવામાં આવી રહી છે. સરકારની આ હેલ્પલાઈન યોજના મહિલાઓની સુરક્ષા અને ઘરેલુ હિંસા રોકવામાં ઘણી મદદરૂપ સાબિત થઈ છે. મહિલા સશક્તિકરણની દિશામાં ૧૮૧ હેલ્પલાઇન નંબર ખૂબ જ કલ્યાણકારી સાબિત થઇ

છે. ચોક્કસ સંજોગોમાં જે મહિલાઓને તેના કારણે મદદ મળી છે તે તમામ મહિલાઓ તેનાથી ખૂબ પ્રભાવિત થઈ છે, તેમની તકલીફમાં અભયમ સાથી બનીને ઉભું હતું. રાજ્યનો સર્વાંગી વિકાસ થાય તે જોવાની જવાબદારી રાજ્ય સરકારની છે, જે માત્ર આર્થિક જ નહીં સામાજિક રીતે પણ છે. ગુજરાત રાજ્યના હાલના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સામાજિક સશક્તિકરણ થકી મહિલા સશક્તિકરણની દિશામાં ઉત્કૃષ્ટ કામગીરી કરી રહ્યા છે. રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા આવી યોજનાઓમાં સામાજિક સુરક્ષાને મજબૂત કરવા માટે બજેટમાં જોગવાઈ પણ કરવામાં આવી છે. સમાજમાં મહિલાઓના ઉત્થાન અને સશક્તિકરણ માટે ઘરેલુ હિંસા નિવારણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેથી સરકારની આ હેલ્પલાઈન મહિલાઓને દરેક રીતે સુરક્ષા આપવા અને ઘરેલુ હિંસાની ઘટનાઓને રોકવામાં મદદ કરવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઇ છે. આ હેલ્પલાઈન દ્વારા સખી વન સ્ટોપ સેન્ટરની પણ મદદ લઈ શકાય છે, જેમાં મુશ્કેલ પરિસ્થિતિમાં ફસાયેલી મહિલા અથવા અન્ય રાજ્યની મહિલા જો ગુજરાતમાં હિંસા કે ઉત્પીડનનો ભોગ બને તો તેને સારી મદદ મળી શકે છે. ઘરેલુ હિંસા ઉપરાંત, આ હેલ્પલાઈન મહિલાઓને જાતીય સતામણી, છેડતી, સ્ત્રી ભૂણહત્યા, સાયબર ક્રાઈમ અથવા કામના સ્થળે અથવા અન્ય કોઈપણ સ્થળે મહિલાઓની પીછો કરવાના કેસમાં પણ મદદ કરે છે. આ રીતે રાજ્ય સરકારની આ હેલ્પલાઇન યોજના મહિલાઓની સામાજિક સુરક્ષાને સુનિશ્ચિત કરવામાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

## ૧૧. વિષય આત્મા પ્રોજેક્ટ દ્વારા ખેડૂતને આર્થિક સામાજિક અને વ્યવસાયિક પરિસ્થિતિમાં આવેલા પરિવર્તનનો એક અભ્યાસ

કાજલ ઠાકોર 2022-2023

માર્ગદર્શક રીનાબા રાઓલ

સંશોધન પરિચય:-

ભારત દેવા ગામડાઓનો બનેલો દેશ છે. દેવી મોટા ભાગની વસ્તી ગામડામાં વસે છે. ગામડામાં રહેતા લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને ગૌણ વ્યવસાય પશુપાલન છે એટલે જ ભારત ખેતીપ્રધાન દેશ અથવા કૃષિ પ્રધાન દેશ ગણાય છે. તેથી સાથે સાથે ભારત એક વિકાસશીલ દેશ છે. જે હજુ ધીમે ધીમે વિકાસ કરી રહ્યો છે. વિકસીત દેશની વિકાસ સરખામણીમાં આવવાના પૂરતા પ્રયાસ કરે છે. આજના યુગમાં ઉધોગીકરણ વ રહ્યું પરંતુ ઉધોગકરવામાં ઉદ્યોગોના કાર્યો માલ તે ખેતી જ પૂરો પાડે છે. દેશનો વિકાસ કરવા માટે ખેતીમાં સુધારો કરવો આવશ્યક બને છે. બિનસાંપ્રદાયિક દેશની અંદર સમાજમાં આર્થિક અને સામાજિક સમસ્યાઓ પ્રવર્તે છે. આત્મા પ્રોજેકટ ખેડૂતોના વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવ્યો છે. તેનાથી ખેડૂતોમાં કેટલું પરિવર્તન આવ્યું છે ? તેનો એક અભ્યાસ છે. આ અભ્યાસ માટે મહેસાણા જિલ્લામાં વિસનગર તાલુકામાં ખેડૂતોને વધુ હોવાથી અને આત્મા પ્રોજેકટનો લાભ લીધેલ લાભાર્થી હોવાથી ત્યાંના પાંચ ગામોને ધ્યાનમાં રાખીને કાર્યક્ષેત્ર પસંદ કરેલ છે. તેમાં સંશોધકે પોતાની રાજય શક્તિની મર્યાદાને ધ્યાનમાં રાખીને વિષયનું કાર્યક્ષેત્ર નકકી કરેલ છે. સંશોધકએ વિસનગરના તાલુકાના રંગાકુઈ, કંકુપુરા, ઘાઘરેટ, ગુંચડી, બાજીપુરા ગામની પસંદગી કરેલ છે.

**૧૨. વિષય બાંધકામ ક્ષેત્રે સાથે જોડાયેલા શ્રમિકોની સમસ્યાનો એક અભ્યાસ**

જાનકી જાની 2022-2023

માર્ગદર્શક રીનાબા રાઓલ

સંશોધન પરિચય:-

આજનો વૈશ્વિક સમાજ ઔદ્યોગિક સમાજ છે. રાષ્ટ્રના અર્થતંત્રમાં જે તે રાષ્ટ્રના ઉદ્યોગો દ્વારા થતા ઉત્પાદન અને રોજગારીની ઉપલબ્ધ તકોનું મહત્વ વધ્યું છે. આ પરિપ્રેક્ષમાં ભારતમાં વિકસેલા ઉદ્યોગો અને ઔદ્યોગિક વિકાસ પર દૃષ્ટિપાત કરતાં જણાય છે કે આઝાદી પહેલા ઔદ્યોગિક વિકાસ અને આઝાદી પછી ઔદ્યોગિક વિકાસ એમ બે ભાગ સ્પષ્ટ પડે છે. ઐતિહાસીક પરિપ્રેક્ષથી લઈ પ્રવર્તમાન યુગ સુધી જોઈએ તો આપણાં દેશમાં ખેતી અને ઉદ્યોગ જેવી બે મુખ્ય પ્રવૃત્તિઓ અને સમાજમાં તેની પ્રાધાન્યતાનાં બે મુખ્ય સમાજો જોવા મળે છે. જેવા કે, ખેતીપ્રધાન સમાજ અને ઉદ્યોગ પ્રધાન સમાજ. અન્ય દેશોની જેમ જ ભારતમાં પણ ઉદ્યોગીકરણની વ્યાપક પ્રક્રિયા હેઠળ ખેતી પ્રધાન સમાજના સ્થાન ઉદ્યોગપ્રધાન સમાજ વિકસ્યો છે. સામાજિક વિકાસ અંતર્ગત થયેલા સમાજશાસ્ત્રીય વિચારકોના મંતવ્યો પ્રમાણે કોઈપણ વિકાસ પોતાની સાથે સમસ્યાઓ પણ લઈને આવે છે. ઔદ્યોગિક સમાજનાં વિકાસ સાથે પણ અનેક સમસ્યાઓ ઉદ્ભવી છે. ભારત દેશમાં આશરે ત્રણ કરોડ બાંધકામ મજૂરો છે. જયારે. ગુજરાતમાં આશરે ૧૨ લાખ બાંધકામ મજૂરો હોવાનો અંદાજ છે. જેમાં, અમદાવાદ, સુરત, વડોદરા, કચ્છ, જામનગર અને રાજકોટ વિસ્તારમાં પાંચ લાખ કરતાં વધુ કામદારો બાંધકામ ક્ષેત્રમાં કામ કરી રહ્યા છે. ગુજરાતમાં કામ કરતાં કુલ બાંધકામ કામદારોમાં લગભગ ૪૮ % સ્ત્રી કામદારો છે. રાજયનાં કુલ બાંધકામ કામદારોમાં ૬૦ % ગ્રામિણ કામદારો છે. આ ગ્રામ્ય કામદારોમાં ગુજરાત રાજ્યના દાહોદ, પંચમહાલ જિલ્લાના તેમજ રાજસ્થાન, મધ્યપ્રદેશ, આદિવાસી વિસ્તારનાંસ્થળાંતરીત કામદારો છે. આ કામદારો શહેરમાં આવીને બાંધકામ ઉદ્યોગોમાં આશરે આઠ મહિના રોજી મેળવે છે. વર્તમાનમાં મજૂર કાયદાઓ અને સરકારની અનેક યોજનાઓ અમલમાં હોવા છતાં કામદારોનું એક જૂથ અસંગઠિત કામદારો અને તેમાં પણ બાંધકામ મજૂરો અનેક ગણી સંખ્યા ધરાવતા હોવા છતાં વંચિત છે. તેઓને યોગ્ય સુવિદ્યાઓ મળતી નથી. સંશોધનો અને અહેવાલોના આધારે કહી શકાય કે તે માટે સરકાર દ્વારા કાયદાની નબળી અમલવારી અને મજૂરોમાં આ કાયદાઓ અંગેની માહિતીનો અભાવ મહત્વની ભૂમિકા ભજવે છે. અહીં પ્રસ્તુત સંશોધનમાં 'બાંધકામ ક્ષેત્ર સાથે જોડાયેલા શ્રમિકોની સમસ્યાઓનો એક અભ્યાસ" માં ગાંધીનગર શહેરના સરગાસણ વિસ્તારના બાંધકામનાં વ્યવસાય સાથે જોડાયેલ બાંધકામ શ્રમિકોએ વ્યાપવિશ્વ છે. અહીં સંશોધકને કોઈ ચોક્કસ આંક ન મળતાં ગાંધીનગર શહેરના સરગાસણ વિસ્તારમાં આવેલ અંદાજે 25 થી 30 જેટલી બાંધકામ સાઇડમાં કામ કરતા અંદાજે 1000 શ્રમિકોની કુલ સંખ્યાને વ્યાપવિશ્વ તરીકે ગણી લેવામાં આવી છે.

**૧૩. વિષય ગ્રામીણ સમુદાયમાં પર્યાવરણની જાગૃતિનો અભ્યાસ**

નામ દેવાંગી પ્રજાપતિ 2022-2023

માર્ગદર્શક  રીનાબા રાઓલ

સંશોધન પરિચય:-

માનવ અને પર્યાવરણનો નાતો આજકાલનો નથી પરંતું વર્ષો જુનો છે. અને આ સંબંધ કુદરતે સર્જ્યો છે. માનવ જયારે પુરાતન યુગમાં પ્રાથમિક કક્ષાનું જીવન ગુજરતો હોય ત્યારે કુદરત કે પર્યાવરણ સંપૂર્ણ પ્રભાવ નીચે જીવન જીવતો હતો. કુદરતી પર્યાવરણ સાથે એના એક અંગ તરીકે સંકળાઈને પોતાની જરૂરિયાતો અને વનવ્યવહાર ગોઠવતો હતો. પરિણામે તે સમયે કુદરતી પર્યાવરણ માનવ માટે પોષક, રક્ષક અને આશ્રયદાતા હતું. અને આજે વર્તમાન સમયમાં માણસે પર્યાવરણના માનવ માટે પોષાક, રક્ષક અને આશ્રયદાતા હતું. અને આજે વર્તમાન સમયમાં માણસે પર્યાવરણના એકપણ ઘટકોને પ્રદુષિત કરવામાં બાકી નથી રાખ્યું તેથી કહી શકાય કે ૨૧મી સદીનો માનવી આંધળો થઇ માત્ર પ્રદુષણની વસંતઋતુની વધામણી કરે છે. અને વૃક્ષો કાપી રહ્યો છે. માણસ વૃક્ષોના ગુણધર્મ જાણતો હોવા છતા અજાણ રહે છે. આમ તે ગાંધારીની જેમ આંધણો ન હોવા છતાં આંખે પાટા બાંધીને વૃક્ષોનો સંહાર કરીને ઔધ્યોગીકરણ તરફ દોટ મૂકી રહ્યો છે. આમ, આ બધા કારણોસર બદલતા જતા પર્યાવરણને શુધ્ધતામાં પરિવર્તન કરવામાં આપણે દરેક વિશ્વ માનવીએ પોતાના પ્રયત્નો કરવા જોઈએ. પર્યાવરણ અંગે લોકોમાં જાગૃતિ લાવવી એ આપણી પ્રાથમિક ફરજ છે. તેમજ ભાષણ, અભયાનો, લેખો, અખબારો વગેરે દ્વારા માત્ર એટલી જ જાગૃતિ લાવી શકીએ કે, આપણે પ્રદુષણ ફેલાવવું જોઈએ નહિ. સંશોધન કાર્ય માટે મહત્વનું ઉપકરણ આંકડાશાસ્ત્ર છે, કારણ કે આંકડાકીય માહીતીના પૃથકરણ, અર્થઘટનમાં તેનો ઉપયોગ અનિવાર્ય બની રહે છે. શૈક્ષણિક સંશોધનમાં બે પ્રકારની આંકડાકીય માહિતીની રજૂઆત જોવા મળે છે. વર્ણનાત્મક અને અર્થઘટનાત્મક. કોઈ એક જૂથ પૂરતી આંકડાકીય બાબતોનો અભ્યાસ કરવામાટે વર્ણનાત્મક આંકડાશાસ્ત્ર ઉપયોગી બને છે. જયારે અર્થઘટનાત્મક આંકડાશાસ્ત્રમાં નિદર્શ પસંદગી એક અગત્યની અને મૂળભૂત પ્રક્રિયા છે. ચરાડા ગામની કુલ વસ્તી 26000 ના 3% વસ્તી માંથી 18 થી 25 વર્ષના વ્યક્તિઓને લેવામાં આવશે.

**૧૪. વિષય- એચઆઈવી ગ્રસ્ત વ્યક્તિને પડતી મુશ્કેલીઓનો સમાજ કાર્યને દ્રષ્ટિએ અભ્યાસ**

નામ ગોસ્વામી માયા 2022-2023

માર્ગદર્શક રીનાબા રાઓલ

સંશોધન પરિચય:-

સમાજકાર્ય સંશોધનમાં અનેક પ્રશ્નો જે લઈને અભ્યાસ કાર્ય કરવામાં આવે છે. જેથી સામાજિક સમસ્યાઓને ધ્યાનમાં રાખીએ તો આજના ઔદ્યોગિક અને શહેરિકરણના યુગમાં અનેક નવા રોગોને જન્મ આપ્યો છે જેમાં અનેક ચેપી અને બિનચેપી રોગો જોવા મળે છે સંશોધન કરવા માટે સંશોધન પ્રશ્ન ની પસંદગી કરવી પડે છે અને તે સામાજિક બાબત હોવી જરૂરી છે સંશોધન કર્તાની રસ રુચિ અને બૌધિક ક્ષમતા ને ધ્યાન માં રાખીને સંશોધન કરવામાં આવે છે. સમાજકાર્ય સંશોધનમાં અનેકવિધ સામાજિક પ્રશ્નોને ધ્યાનમાં લઇને અભ્યાસ હાથ ધરવામાં આવે છે. સંશોધનકર્તા એ પ્રશ્ન તરીકે HIV ગ્રસ્ત વ્યક્તિઓને પડતી મુશ્કેલીઓનું સમાજકાર્ય ની દૃષ્ટિએ અભ્યાસ જે ગાંધીનગર જીલ્લા ના સિવિલ હોસ્પિટલ નાં વિહાન સેન્ટર ને ધ્યાન

માં રાખીને કરવામાં આવે છે વર્તમાન સમયમાં HIV ચેપ થી પીડાતા લોકો પ્રત્યે સમાજ ના અન્ય લોકોમાં વિચાર વિમર્શ નકારાત્મક અભિગમ ભેદભાવ ભર્યું વર્તન વગેરે જેવા પડકારો અનુસંધાન માં આ વિષય એક સામાજિક સમસ્યા બની રહ્યો છે HIV/AIDS એ શરીર ના દરેક અંગ ને સ્પર્શતો જીવલેણ રોગ બની ગયો છે જે સ્ત્રીઓ, પુરુષો અને બાળકોમાં પણ ફેલાતો હોય છે.

સમાજમાં ઘણી પ્રકારની મુશ્કેલીઓ હોય છે જેમાં વ્યક્તિઓને થતાં રોગો જેમાં HIV/AIDS થવાથી વ્યક્તિઓને શારીરિક, માનસિક જેવી ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે જેના સંશોધન નાં ભાગ રૂપે HIV ગ્રસ્ત વ્યક્તિઓને પડતી મુશ્કેલીઓ સમાજ કાર્ય ની દૃષ્ટિએ અભ્યાસ કરવામાં આવેલ છે. નમૂનાની પસંદગી એટલે અભ્યાસના હેતુઓને અનુરૂપ સમગ્ર વિશે અનુમાન કરવા માટે પ્રતિનિધિરૂપપતી નાના ભાગની પસંદગી કરવાની ક્રિયાને નમૂના પસંદગી કહેવાય છે. સંશોધન કાર્યમાં નક્કી કરેલ કાર્યક્ષેત્ર માંથી યોગ્ય નમૂનો પસંદ કરવો ખુબજ જરૂરી છે. આ અભ્યાસના ભાગ રૂપે નમૂના વ્યાપ વિશ્વ માટે ગાંધીનગર જિલ્લાના સિવિલ હોસ્પિટલનાં વિહાન સેન્ટરના એચ આઈ વી ગ્રસ્ત વ્યક્તિઓની પસંદગી કરવામાં આવી છે.

**૧૫. વિષય:- પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલા મહિલાઓના સશક્તિકરણનો એક અભ્યાસ**

ચૌધરી હાર્દિક દાનસંગ ભાઈ 2023-2024

માર્ગદર્શક રીનાબા રાઓલ

સંશોધન પરિચય:-

સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે સમાજકાર્યના ક્ષેત્રોમાં સમાવિષ્ટ સમાજ કાર્યના અભ્યાસમાં અનેક ક્ષેત્રને આવરી લેવામાં આવે છે. સમાજ કાર્ય પ્રારંગતની પદવી પ્રાપ્ત કરવા માટે એક લઘુશોધ નિબંધ રજૂ કરવો આવશ્યક છે. આ માટે કયો વિષય પસંદ કરવો તે વિચાર માંગી લે તેમ છે. સમાજમાં પ્રવર્તતી વિવિધ સમસ્યાઓ હોય છે. જેમાં સામાન્યતઃ પ્રશ્નાર્થરૂપ વિધાન ઊભું થતું હોય એવા વિષય પર લઘુશોધ નિબંધ થઈ શકે છે. આ અનુસંધાનમાં જોતા લઘુશોધ નિબંધ તરીકે પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલ મહિલાઓના સશક્તિકરણનો એક અભ્યાસ અંગેના વિષય પર લઘુશોધ નિબંધ પર સંશોધક દ્વારા સંશોધન કરવામાં આવેલ છે.

પ્રસ્તુત સંશોધન પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલ મહિલાઓના સશક્તિકરણનો એક અભ્યાસ માટે છે. રાષ્ટ્ર નિર્માણમાં મહિલાઓનું અનેરું યોગદાન છે. રાષ્ટ્રના વિકાસમાં મહિલાઓ વિવિધ ભૂમિકાઓ અદા કરે છે. મહિલા એક માતા તરીકેની ભૂમિકામાં તેના બાળકોના વ્યક્તિત્વ અને ચારિત્ર્યનું ઘડતર કરે છે; મહિલાઓ કૃષિક્ષેત્રે એક ખેડૂત તરીકેની અગત્યની ભૂમિકા ભજવે છે.ગૃહિણી તરીકેની ભૂમિકામાં મહિલાઓ ઘરનુ સંચાલન કરે છે. આમ, મહિલાઓ માનવ સંશાધનનું સંરક્ષણ અને સંવર્ધન કરી રાષ્ટ્રના આર્થિક વિકાસમાં ભાગ ભજવે છે. સશક્તિકરણ એ એક એવી પ્રક્રિયા છે જે વ્યક્તિના વિચારોમાં અને ખ્યાલોમાં બદલાવ લાવે છે તથા જીવનનાં દરેક અગત્યના ક્ષેત્રે પોતાના હક્કો અને તકો મેળવવા માટે જાગૃતતા લાવે છે. જે રાષ્ટ્રપોતાનો સર્વાંગી વિકાસ સાધવાની તમન્ના ધરાવે છે તેવારાષ્ટ્રો સ્ત્રીસશક્તિકરણની

પ્રક્રિયાને ટેકો તથા વેગ આપે છે. રાષ્ટ્રની વસ્તીના લગભગ અડધા ભાગની વસ્તી સ્ત્રીઓની છે તેથી રાષ્ટ્રના વિકાસમાં તેમના યોગદાન માટે આંખ આડે કાન કરવા ન જોઈએ. અર્થાત, રાષ્ટ્રના નિર્માણ અને વિકાસમાં સ્ત્રીઓનોફાળો ખૂબ જ અગત્યનો છે.સ્ત્રીઓને સંશક્ત બનાવવીએ આજની ૨૧મી સદીનો મોટામાં મોટો પડકાર છે.  સશક્તિકરણએ એવું સાધન છે જેના દ્વારા મહિલાઓ સમાજમાં દરેક ક્ષેત્રે પુરુષ સમોવડુ સ્થાન પ્રાપ્ત કરી શકે અથવા તો સશક્તિકરણ દ્વારા મહિલાઓ જાતિભેદની સીમાને તો ઓળંગી જ શકે.. મહિલાઓ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે ચમત્કારો સર્જી શકે છે. જેમાં પ્રસ્તુત સંશોધનમાં યદચ્છનિદર્શન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વડગામ તાલુકાના નગાણા ગામમાં પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલ મહિલાઓ છે. જેમાં મોર્ગનના ટેબલ અનુસાર ૬૬ ઉત્તરદાતા પસંદ કરવામાં આવ્યા છે.

**૧૬. વિષય:- વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોની પડતી સમસ્યાને સમાજ કાર્યની દ્રષ્ટિએ અભ્યાસ કરવો**

પટેલ રુચિ દિલીપભાઈ  2023-2024

માર્ગદર્શક રીનાબા રાઓલ

સંશોધન પરિચય:-

વૃદ્ધત્વ એક સામાજિક ઘટના તરીકે સમાજજીવનમાં ઉપસ્થિત થાય છે. માનવસમાજના ઉગમકાળથી વૃદ્ધો તો હતા જ પણ આ સદીની શરૂઆતથી જ અને તેમાંય છેલ્લા કેટલાક વર્ષોથી દુનિયાના સમાજોમાં વૃદ્ધોનો એક વિશિષ્ટ સામાજિક સમૂહ તરીકે સાર્વત્રિક રીતે સ્વીકાર થયો છે. તેમાં ભારત દેશ અપવાદરૂપ નથી. સંખ્યાની રીતે જોતાં ભારત દેશમાં વૃદ્ધોની સંખ્યા અને પ્રમાણ મોટું છે. અને તે સતત વધતું જાય છે. વૃદ્ધો વિશે આપણે ત્યાં બે પરસ્પર વિરોધી એવા અભિગમો પ્રવર્તે છે. એક અભિગમ વૃદ્ધ વ્યક્તિ નકામી. બિનઉપયોગી, રૂઢિચુસ્ત, પરંપરાની સમર્થક, પરિવર્તનની વિરોધી, બિનઉત્પાદક, સંઘર્ષ અને અવરોધ ઉભો કરનારી છે. જ્યારે બીજો અભિગમ વૃદ્ધ પેઢીને વખાણે છે, તેમના કાર્યો અને પ્રવૃત્તિઓને આવકારે છે. સમાજ અને રાષ્ટ્રના સર્જકો દ્વારા વૃદ્ધ પેઢીની પ્રશંસા કરવામાં આવે છે. આ બંન્ને અભિગમો એકાંગી અને અધૂરા છે. પરિણામે આજની વૃદ્ધ પેઢીના યથાર્થ સ્વરૂપને સાર્થક રીતે સમજાવી શકતા નથી. એટલે જ આજની વૃદ્ધ પેઢીને યોગ્ય રીતે સમજવા માટે વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવાની જરૂર છે. વૃદ્ધોની સમસ્યા એ વર્તમાન સમસ્યા એક મહત્વની માનવીય તથા સામાજીક સમસ્યા છે, જે સાર્વત્રિક સમસ્યા તરીકે દુનિયાના બધા જ દેશમાં જોવા મળે છે. ખાસ કરીને ભારતમાં ઔદ્યોગીકરણ, શહેરીકરણ, બદલાતા મૂલ્યો, શહેરી વાતાવરણ, અને જીવન સામાજિક પરિવર્તન, વસ્તી વિસ્ફોટ, વ્યક્તિના આયુષ્યમાન થયેલા વધારા, પશ્ચિમીકરણ જેવા અનેક પરિબળો વૃદ્ધત્વને સમસ્યા માટે જવાબદાર છે. વૃદ્ધાવસ્થા શારીરિક, માનસિક અને આર્થિક બાબતોમાં પરિવર્તન આવતું હોવાથી જે સમસ્યાઓ સર્જાય છે. તેને આપણે વૃદ્ધોની સમસ્યા કહીએ છીએ. અભ્યાસનું વૃદ્ધ વ્યક્તિને એક સામાજિક ઘટના રૂપે સમજવાની જરૂરિયાત આ સંદર્ભે સમાજશાસ્ત્રના ક્ષેત્રે વૃદ્ધવિષય સમાજશાસ્ત્ર વિષય છે જેનાથી વૃદ્ધની પરિસ્થિતિ પ્રશ્ન તેમના જીવનને અસર કરતા પરિબળોની સામાજિક અભ્યાસ કરવાનો છે.

**૧૭. વિષય આદિવાસી સમુદાયમાં મજૂરી કરતી મહિલાઓને સામાજિક અને આર્થિક સમસ્યાનો અભ્યાસ**

પ્રજાપતિ દીક્ષિતાબેન જયંતીભાઈ 2023-2024

માર્ગદર્શક રીનાબા રાઓલ

સંશોધન પરિચય:-

સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે સમાજકાર્યના ક્ષેત્રોમાં સમાવિષ્ટ સમાજ કાર્યના અભ્યાસમાં અનેક ક્ષેત્રને આવરી લેવામાં આવે છે. સમાજ કાર્ય પ્રારંગતની પદવી પ્રાપ્ત કરવા માટે એક લઘુશોધ નિબંધ રજૂ કરવો આવશ્યક છે. આ માટે કયો વિષય પસંદ કરવો તે વિચાર માંગી લે તેમ છે. સમાજમાં પ્રવર્તતી વિવિધ સમસ્યાઓ હોય છે. જેમાં સામાન્યતઃ પ્રશ્નાર્થરૂપ વિધાન ઊભું થતું હોય એવા વિષય પર લઘુશોધ નિબંધ થઈ શકે છે. આ અનુસંધાનમાં જોતા લઘુશોધ નિબંધ તરીકે આદિવાસી સમુદાયમાં મજૂરી કરતી મહિલાઓની સામાજિક અને આર્થિક સમસ્યા અંગેના વિષય પર લઘુ શોધ નિબંધ પર સંશોધક દ્વારા સંશોધન કરવામાં આવેલ છે.પ્રસ્તુત સંશોધન મજૂરી કરતી આદિવાસી મહિલાઓની સામાજિક-આર્થિક સમસ્યાઓ અંગેના અભ્યાસ માટે છે. જેમાં સામાજિક સમસ્યા એક એવી સામાજિક પરિસ્થિતિ છે કે જે સમૂહ અથવા સમાજની નોંધપાત્ર સંખ્યાને અસર કરતા હોય છે. જેમાં તેમના એક કે તેથી વધુ સામાજિક મૂલ્યો કે ધોરણોનો ભંગ કે અનાદર થાય છે અથવા તેમનું અસ્તિત્વ જોખમાય કે તેમ થવાનો ગંભીર ભય ઊભો થાય છે. ઉદાહરણ તરીકે ગુનાખોરી, બેરોજગારી, નશાખોરી, વેશ્યા- વ્યવસાય, કોમવાદ, ભાષાવાદ, શિક્ષણને લગતી સમસ્યાઓ,સ્ત્રી જીવનને લગતી સમસ્યાઓ, પ્રદૂષણ વગેરે સામાજિક સમસ્યાઓછે. જ્યારે આર્થિક સમસ્યાઓમાં આવક, ખર્ચ, શ્રમવિભાજન. મૂડી. જમીન, નાણા વગેરેનો સમાવેશ થાય છે. જેમાં અછતની સમસ્યા સર્જાય છે. આવી અછત ભૂતકાળમાં હતી અને આજે પણ જોવા મળે છે. વ્યક્તિ અને સમષ્ટિની મોટામાં મોટી સમસ્યા અછતની છે. અછતને લીધે પસંદગી કરવી પડે છે. જેમ કે કઈ ચીજ વસ્તુ ખરીદવી તે નક્કી કરવું પડે છે. અછતને લીધે પસંદગીની જે સમસ્યાઓ આવક, ખર્ચ, વિનિમય કે શ્રમવિભાજન સાથે સંકળાયેલી હોય છે તેમને આર્થિક ગણવામાં આવે છે. આમ, ઉમરપાડા તાલુકાના વાડી ગામમાં આદિવાસી સમુદાયની મજૂરી કરતી મહિલાઓની સામાજિક અને આર્થિક સમસ્યાઓ શું છે? અને તે લોકોમાં શિક્ષણ, રોજગારી, યોજનાઓ વગેરે માટેની કેટલી જાગૃતતા છે તે અંગેના અભ્યાસ માટે આ વિષય પસંદ કરવામાં આવેલ છે.

**૧૮. વિષય:- ઠાકોર સમાજની યુવતીઓમાં જાતીય શિક્ષણ સંદર્ભે તેમના આરોગ્ય સમસ્યાનો એક અભ્યાસ**

ગોસ્વામી રીતુ સંજય ભારથી 2023-2024

માર્ગદર્શક રીનાબા રાઓલ

સંશોધન પરિચય:-

માનવીએ સામાજિક અને બૌદ્ધિક પ્રકારનું વિશિષ્ટ પ્રાણી છે. માનવનું સમગ્ર જીવન વિવિધ પ્રકારની અવસ્થાઓ માંથી પસાર થતું જોવા મળે છે. સામાન્ય રીતે માનવ જીવનની શરૂઆત માનવીના જન્મથી થાય છે એમ માનવામાં આવતું હોય છે કે પરંતુ જન્મ પૂર્વના સમયગાળાથી થતી હોય છે આથી વ્યક્તિના

વિકાસમાં જન્મ પૂર્વેના સમયગાળાનું પણ આગવો ફાળો રહે છે માનવી પોતાનો વિકાસ સંસ્થા વિવિધ તબક્કાઓમાંથી પસાર થતો જોવા મળે છે જેવા કે ગર્ભાવસ્થા શિશુ અવસ્થા કિશોર અવસ્થા તરુણાવસ્થા યુવાવસ્થા. માનવી જીવનના વિવિધ તબક્કાઓમાંથી માનવીના વિકાસને માટે સૌથી મહત્વની અવસ્થા એટલે યુવાવસ્થા. બાળક જ્યારે કિશોર અવસ્થામાંથી યુવાવસ્થામાં પ્રવેશતો હોય તે સમયગાળાને પૌગંડાવસ્થા તરીકે ઓળખવામાં આવે છે. યુવાવસ્થામાં સામાન્ય રીતે 12 થી 18 વર્ષના બાળકોનો સમાવેશ થાય છે.

દુનિયામાં આજે યુવાનો માટે સામાજિક નૈતિક શારીરિક માનસિક અપેક્ષા રાખવામાં આવે છે આ પુખ્તતા પ્રાપ્ત કરવાની શરૂઆતથી કિશોર અવસ્થામાં થઈ જાય છે. આપતા પ્રાપ્ત કરવાની બાળપણ અને પુખ્તા વચ્ચેની જોડતી અવસ્થા એટલે કિશોર અવસ્થા છે. અને આમ કિશોર અવસ્થાનો સમયગાળો ખૂબ મહત્વનો છે આજે દુનિયાભરના દેશોમાં જોઈએ તો અવસ્થા બાળકોના કિશોરના પ્રશ્નો વધતા જાય છે નાની ઉંમરમાં જાતીય સંબંધો રાખવા બળાત્કારના ભોગ બનવું વગેરે જેવી ગુનાહિત ગણાતી પ્રવૃત્તિઓમાં કિશોર કિશોરીઓ પર પ્રવૃત્તિ થતી જોવા મળે છે.આ અભ્યાસ પરથી શૈક્ષણિક સંસ્થાઓ એ બીજા અભ્યાસક્રમની જેમ જાતીય શિક્ષણનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવાની પ્રેરણા મળશે. પ્રસ્તુત સંશોધન એ માણસા તાલુકાના કુવાદરા ગામની ઠાકોર સમાજની 14 થી 19 વર્ષ ની યુવતીઓ ને ઉત્તરદાતા તરીકે પસંદ કરવામાં આવેલ છે. પ્રસ્તુત અધ્યયનમાં માણસા તાલુકાના કુવાદરા ગામમાં 16 થી 18 વર્ષ ની યુવતીઓ 55 છે. જેમાં મોર્ગન ના ટેબલ અનુસાર 48 ઉતારદાતા ને પસંદ કરવામાં આવ્યા છે. જેમાં યદચ્છ નિદર્શ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**૧૯. વિષય:-વ્યસન કરતા યુવાનોની સામાજિક અને આર્થિક સમસ્યાનો અભ્યાસ**

ઠાકોર ધર્મિષ્ઠા વિક્રમજી 2023-2024

માર્ગદર્શક રીનાબા રાઓલ

સંશોધન પરિચય:-

નશીલા દ્રવ્યોનું સેવનએ નશાની અવસ્થા છે. આવી અવસ્થા વ્યક્તિ અને સમાજ માટે હાનિકારક છે. "પ્રાકૃતિક કે કૃત્રિમ દ્રવ્યના વારંવાર ઉપયોગ દ્વારા પેદા થયેલી સ્થાયી અવસ્થા છે. વ્યક્તિને જ્યારે વ્યસનની આદત પડી જાય ત્યારે તે વ્યક્તિ તેના વિના રહી શકતો નથી. તેમજ તે લેવામાં ન આવે ત્યાં સુધી વ્યક્તિ શારીરિક અને માનસિક રીતે ફક્ત બેચેની અનુભવે છે. આવા વ્યસનનો ના કારણે માનસિક તેમજ શારીરિક બન્ને પ્રકાર તેમના ઉપર અસરો થાય છે. જેને વ્યસન કહેવામાં આવે છે. યુવાનોમાં વધતું જતું વ્યસનનું પ્રમાણે ભારતના ભવિષ્ય ઉપર ખૂબ જ મોટી ઊંડી અસર ઊભી કરી રહી છે. અને આ અસરોને દૂર કરવી ખૂબ જ જરૂરી અને અગત્યની બની રહે છે. આપણા સમાજમાં તમાકુ ખાવાવાળા એટલે કે વ્યસન કરવાવાળા લોકોનું પ્રમાણ દિવસ અને દિવસે વધતું જાય છે. લગભગ મોટાભાગના યુવાનો અત્યારે કોઈપણ પ્રકારના વ્યસનની કુટેવ ધરાવે છે, આટલા મોટા પ્રમાણમાં વ્યસન ધરાવતા યુવાનોમાં વ્યસનના નુકસાન વિશેની જાગૃતિ આવે તે હવે જરૂરી બની રહ્યું છે. તમાકુ ખાવા ના પણ અનેક પ્રકારો

છે તમાકુ જોડે ચૂના મસળીને ખાવામાં આવે છે. તમાકુના ચૂનાને તપકીર કે છીકણીને દાંતે ઘસવામાં આવે છે. જે મોટાભાગે તમાકુ જોડે ખાસ રસાયણો કે અન્ય મિશ્રણ કરીને બનાવેલા ગુટકા પર સમાજનો યુવા વર્ગ વધુ થાય છે. પાન જોડે તમાકુ ખાવાવાળાની સંખ્યા પણ આપણા સમાજમાં વધી રહી છે. તમાકુનો ઉપયોગ આપણા યુવાવર્ગમાં વધારે જોવા મળે છે. તેનો વપરાશ વધી રહ્યો છે.

ગામમાં યુવાનોમાં વ્યસનની સમસ્યામાં વધારો થઇ રહ્યો છે. વ્યસન ની અસર ના લીધે યુવાનોમાં કામ કરવાની ક્ષમતામાં ઘટાડો થઈ રહ્યો છે તેઓની અભ્યાસમાં તેઓની આરોગ્યની સમસ્યાઓમાં પણ વધારો જોવા મળે છે કુટુંબમાં ઝઘડાનું પ્રમાણ વધી રહ્યું છે અને વ્યસના કારણે વિવિધ સમસ્યો ઉભી થઇ છ જેવી કે સામાજિક આર્થિક ધાર્મિક આરોગ્ય પર વિપરીત અસર થઇ છે  સંશોધન અભ્યાસને ધ્યાનમાં રાખીને મેંમારાંગ્રામીણ વિસ્તારમાં 18 થી29 વર્ષના 650 કુલ યુવાનોની પસંદગી કરી છે. અને ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ધમેડા ગામના યુવાનોની પસંદગી કરવામાં આવી છે

**૨૦. વિષય :- બાળકોના વિકાસમાં આંગણવાડીની ભૂમિકાનો અભ્યાસ**

મોનિકા સુથાર 2019-2020

માર્ગદર્શક રીના બા રાઓલ

સંશોધન પરિચય:-

આદિ માનવથી આધુનિક માનવ બનવા સુધી માનવની વિકાસ યાત્રાની અભ્યાસ કરીએ તો એક બાબત સ્પષ્ટ થાય છે. કે માનવ હમેશા નવું નવું જ્ઞાન મેળવવા પ્રયત્ન કરે છે. સંશોધન નવા જ્ઞાનને વિકસિત કરવાની પ્રક્રિયા છે. તેનો હેતુ વર્તમાન પરિસ્થિતિ કરતાં વધુ સારી પરિસ્થિતિમાં પહોંચવાનો છે. વર્તમાન અને ભુતકાળની પરિસ્થિતિનું વિવિશ્ર્લેષણ કરવાનો છે. પરિસ્થિતિની વાસ્તવિકતા ચકાસવાનો છે. સમાજકાર્ય સંશોધનમાં માનવીના પ્રશ્નો, સમસ્યાઓને કેન્દ્રમાં રાખીને સંશોધન કરવાનું હોય છે. જેમાં સંશોધક તેની કુશળતા ને ધ્યાનમાં રાખી વિષય પસંદગી કરે છે. અને નવા જ્ઞાનની શોધ કરે છે. દરેક ક્ષેત્રે સંશોધનનું મહત્વ રહેલું હોય છે. સંશોધન કરવા પાછળ ઘણા હેતુઓ હોય છે. સમસ્યાનો વધુ સારો ઉકેલ મેળવવા માટે વિશેષ સાધનો, ઉપકરણો અને વિધિઓનો વિનિયોગ કરવાની અને ચિંતન કરવાનું એક વ્યવસ્થિત અને વિશુદ્ધ તકનીક એટલે સંશોધન. આંગણવાડીની ખૂટતી કાર્યપ્રણાલી વિશે ખ્યાલ આવશે જેથી ભવિષ્યમાં સુધારો કરી શકાશે. ગ્રામ્ય વિસ્તારની સ્ત્રીઓમાં આંગણવાડી ની જાગૃતતા લાવી શકાશે.આ વિષય સંબંધિત સંશોધન કરવા માંગતા અને સંશોધકોને મદદરૂપ બનશે. જેમા પ્રસ્તુત સંશોધનમાં યાદચ્છિક નિદર્શ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કલોલ શહેરના ચાર ગામમાં કુલ 13 આંગણવાડી છે. જેમાં ધાત્રીમાતાની સંખ્યા ૧૦૩ છે. જેમાં મોર્ગનના ટેબલ અનુસાર ૯૭ ઉત્તરદાતા પસંદ કરવામાં આવ્યા છે

**૨૧. વિષય કારખાના અધિનિયમ 1948 અનવયે કર્મચારીઓની સમસ્યા તેમ જ કર્મચારીઓને મળતી આરોગ્ય સલામતી સુવિધાઓ અંગેનો અભ્યાસ**

સંશોધન પરિચય:-

૨૧મી સદીના આરે આવીને ઊભેલો આજનો વૈશ્વિક સમાજ ઔદ્યોગિક સમાજ છે. જે રાષ્ટ્રના અર્થતંત્રમાં જે તે રાષ્ટ્રના ઉદ્યોગો દ્વારા થતાં ઉત્પાદન અને રોજગારીની ઉપલબ્ધ તકો નુ મહત્વ વધ્યું છે. આ પરિપ્રેક્ષમાં ભારતમાં વિકસેલા ઉદ્યોગો અને ઔદ્યોગિક વિકાસ પર દ્રષ્ટિપાત કરતાં જણાય છે કે જેમાં (૧) આઝાદી પહેલાં ઔદ્યોગિક વિકાસ (૨) આઝાદી પછી ઔદ્યોગિક વિકાસ એમ બે ભાગ સ્પષ્ટ પડે છે. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યથી લઈ પ્રવર્તમાન યુગ સુધી જોઈએ તો આપણા દેશમાં ખેતી અને ઉદ્યોગ જેવી બે મુખ્ય પ્રવૃત્તિઓ અને સમાજમાં તેની પ્રાધાન્યતાનાં બે મુખ્ય સમાજો જોવા મળે છે. જેવા કે, ખેતીપ્રધાન સમાજ અને ઉદ્યોગપ્રધાન સમાજ અન્ય દેશોની જેમ જ ભારતમાં પણ ઉદ્યોગીકરણની વ્યાપક પ્રક્રિયા હેઠળ ખેતીપ્રધાન સમાજના સ્થાને ઉદ્યોગ પ્રધાન સમાજ વિકસ્યો છે. સામાજિક વિકાસ અંતર્ગત થયેલા સમાજશાસ્ત્રીય વિચારકોનાં મંતવ્યો પ્રમાણે કોઈપણ વિકાસ પોતાની સાથે સમસ્યાઓ પણ લઈને આવે છે. ઔદ્યોગિક સમાજનાં વિકાસ સાથે પણ અનેક સમસ્યા ઉદભવી છે. જેમાં મુખ્ય સમસ્યાઓ ઉદ્યોગો સાથે સંકળાયેલ કામદાર વર્ગોની છે. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગનાઈઝેશન ભારતીય ઉદ્યોગોના કામદાર વર્ગને મુખ્યત્વે બે ભાગમાં વહેંચે છે. સંગઠિત ક્ષેત્રમાં કામ કરતા કામદારો અને અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા કામદારો. અહીં સંગઠિત ક્ષેત્રે કાયમી કામદારો માટે સરકારી ધારા ધોરણો છે અને નિયમો છે. જ્યારે અસંગઠિત ક્ષેત્રે કામ કરતા કામદારો માટે કોઈ ધારા ધોરણો કે નિયમો નથી.તેઓ માટે આરોગ્ય શિક્ષણ સામાજિક સલામતી જેવી સુવિધાનો અભાવ જોવા મળે છે. દેશમાં કુલ કામદારોના 92% અસંગઠિત કામદારો હોવા છતાં આ કામદારોની સલામતી અને જરૂરિયાત અંગે કાળજી લેવાઇ નથી. વળી, અસંગઠિત ક્ષેત્રના કામદારોમાં સૌથી વધુ ૪૦% ખેત મજુરો છે અને બીજા ક્રમે બાંધકામ ઉદ્યોગ સાથે સંકળાયેલા કામદારો છે, તેમાં પણ બે ભાગ છે. કુશળ કામદારો (skilled) અને બિનકુશળ કામદારો (unskilled), અસંગઠિત ક્ષેત્ર માટે સરકારે unorganised workers social security bill -2006 બનાવ્યું છે. છતાં સમસ્યા હજુ યથાવત છે.

જેમાં પ્રસ્તુત સંશોધનમાં ઔધોગિક ક્ષેત્રનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં કારખાના અધિનિયમ ૧૯૪૮ અંતર્ગત કામ કરતાં કામદાર મજૂરોની સમસ્યાઓ અને આરોગ્ય -સલામતીની સુવિધાઓ અંગે અભ્યાસ કરવામાં આવ્યો જેમાં આ સંશોધન દરમિયાન કારખાના કે ઔધોગિક ક્ષેત્રે કામ કરતા કામદારોની સમસ્યાઓ શું હોય તેની જાણકારી મળશે. જેમાં કામદારોને પણ કારખાના અધિનિયમ દ્વારા કઇ આરોગ્ય અને સલામાતીની સુવિધાઓ મળે તેની જાણકારી મળશે જેમાં તેમનામાં જાગૃતિ લાવવા અને સુવિધાઓ અંગે શિક્ષણની સમજ વધશે. જેમાં ગાંધીનગરની મેટ્રોઇલેકટ્રોનિક કંપની છે. જેમાં ત્યાં કામ કરતાં કામદારો સાથે સંપર્ક સાધીને કરાવાનું હોય છે. જેમાં મેટ્રોઇલેકટ્રોનિક કંપનીએ અભ્યાસનો વ્યાપ છે.

**૨૨. વિષય:- આદિવાસી સમુદાયમાં મજુરી કરતી મહિલાઓની સામાજિક અને આર્થિક સમસ્યાઓનો અભ્યાસ**

પ્રજાપતિ દીક્ષિતાબેન જયંતીભાઈ ૨૦૨૩ -૨૪

માર્ગદર્શક રીનાબા રાઓલ

સંશોધન પરિચય:-

સંશોધન દ્વારા સમસ્યા, વિકાસ, પરિસ્થિતિ વિશે માહિતી મેળવી શકાય છે.સમાજ કાર્યકર તરીકે આદિવાસી બહેનોનો પરિચય મેળવી શકાશે. મજૂરી કરતી આદિવાસી મહિલાઓની સામાજિક અને આર્થિક સમસ્યાઓ જાણી શકાશે. મજૂરી કરતી મહિલાઓની સમસ્યાઓના રચનાત્મક ઉકેલ લાવવા માટેના પ્રયત્નો કરાશે. સ્ત્રીઓના અભ્યાસનું ક્ષેત્ર વિશાળ હોય છે. જુદા જુદા પ્રદેશના સાંસ્કૃતિક-ધાર્મિક રીતરિવાજો પ્રમાણે તેમની સમસ્યાનું સ્વરૂપ અલગ જોવા મળે છે. આદિવાસી સમુદાયની મજૂરી કરતી મહિલાઓના સામાજિક અને આર્થિક જીવનના સંબંધિત સમસ્યાઓ વિશે અભ્યાસ કરવા માટે સંશોધકે સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના વાડી ગામને પસંદ કરેલ છે. જેમાં વાડી ગામની કુલ વસ્તી 5648 છે. તેમાંથી અનુસૂચિત જનજાતિની વસ્તી 5468 છે. એમાં સ્ત્રીઓની કુલ વસ્તી 2790 છે. અભ્યાસ હેતુઓને અનુરૂપ સમગ્ર વિશે અનુમાન કરવા માટે તેના પ્રતિનિધિરૂપ નાના ભાગને પંસદ કરવામાં આવે છે. જેને નમુના/નિદર્શ પંસદગી કહે છે. સંશોધન નિબંધ માહિતી મેળવવા માટે વ્યાપવિશ્વની અનુલક્ષીને નિદર્શ પસંદ કરવામાં આવે છે. જેમાં પ્રસ્તુત સંશોધનમાં યદચ્છ નિદર્શપદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના વાડી ગામ પસંદ કરવામાં આવે છે.

**૨૩. વિષય:- વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોની સમસ્યાઓ વિશે જાણવા મળશે.**

પટેલ રૂચી દિલીપભાઈ ૨૦૨૩ -૨૪

માર્ગદર્શક રીનાબા રાઓલ

સંશોધન પરિચય:-

સંશોધનમાં વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોની સ્થિતિની જાણકારી મેળવવાથી તેમની લાગણીઓ અને સંવેદનાનોસ્પર્શ કરી શકાય છે.આ સંવેદના સમાજ સુધી પહોંચાડવાની વૃદ્ધો પ્રત્યે સન્માનનું ભાવ આદર પેદા કરી શકાય તેમ છે. આવા અભ્યાસ દ્વારા કુદરતી ક્રમથી આવતી વૃદ્ધાવસ્થાનેપરાણે ગુગળાવી ને નિસહાય બનતી અટકાવી શકાય અને એ દિશામાં પ્રેરણા તથા માર્ગદર્શન દ્વારા વિકાસશીલ પગલા ભરી શકાય સંશોધન ક્ષેત્રની કેટલીક મર્યાદાઓને ધ્યાનમાં રાખી સંશોધનકાર્ય કરવામાં આવે છે. પ્રસ્તુતિક સંશોધન ના સંશોધનકર્તા એ ગાંધીનગર જિલ્લાના સંદર્ભમાં સંશોધન કરવાનું છે. જેમા ગાંધીનગર જિલ્લા ના ચાર વૃદ્ધાશ્રમમાં સંશોધન કરવાનું છે. સંશોધન નિબંધ માહિતી મેળવવા માટે વ્યાપવિશ્વની અનુલક્ષીને નિદર્શ પસંદ કરવામાં આવે છે. જેમાં પ્રસ્તુત સંશોધનમાં યદય નિદર્શપદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં ગાંધીનગર જિલ્લાના ચાર વૃદ્ધાશ્રમ માંથી 85 ઉત્તરદાતાઓ પસંદ કરવામાં આવે છે.